
વિસ્ફોટક શોધ
આલ્ફ્રેડ નોબેલ
ની વાર્તા

રોય એપ્પ્સ ચિત્ર: નિક માઉન્ટેન



વિસ્ફોટક શોધ

આલ્ફ્રેડ નોબેલ

ની વાર્તા



રોય એપ્પ્સ ચિત્ર: નિક માઉન્ટેન


પ્રકરણ 1

"તું એક પીસુને પણ પકડી શકતી નથી અને હવે તું મને પણ પકડી નહીં શકે!"

હું સમુદ્ર તટ પર દોડી રહી હતી. મારા નાના ભાઈ-બહેન મારી પાછળ દોડી રહ્યા હતા. હું મારા પિતાની માછલાં પકડવાવાળી નાવની પાછળ ઝડપથી દોડી.

"મારિયા!" માઁ નાવમાં બેસીને જાળની મરામત કરી રહી હતી.





"આવ, મારી પાસે આવીને બેસ," એણે કહ્યું. "મારે તારી સાથે વાત કરવી છે." મને એનું કહેવું મહત્વપૂર્ણ લાગ્યું. હું નાવમાં ચઢીને માઁ ની બાજુમાં બેસી ગઈ.

દરેક શિયાળામાં, મારી માઁ અમીર માલિકોના ઘરમાં નોકરાણીનું કામ કરતી હતી. અમીર લોકો શિયાળામાં અમારા તડકાવાળા સમુદ્ર તટ પરના ગામ સાન રેમોમાં રજાઓ ગાળવા આવતા હતા.

મારા પિતા માછલીઓ પકડીને થોડું કમાઈ લેતા હતા. માં ની કમાણી સિવાય, અમારી પાસે કમાવાનું કોઈ સાધન ન હતું.


"શિયાળાના મહેમાન થોડા સમયમાં અહીં આવશે," માઁ એ કહ્યું. "ત્યારે ગામની બધી મહિલાઓને કામ શોધવાનો સમય આવશે."

"બધી મહિલાઓ માટે?"

ત્યારે મને એ મહત્વપૂર્ણ વાતનો અંદાજ આવ્યો જે માઁ મને કહેવા ચાહતી હતી.

"જો મારિયા, તું તેર વર્ષની થઈ ગઈ છે અને હવે તું કામ શરુ કરવા માટે મોટી થઈ ગઈ છે."

થોડા અઠવાડિયા પછી, હું સેનોર આલ્ફ્રેડ નોબેલ નામના એક સ્વીડિશ સજ્જનના ઘરમાં એક નોકરાણી તરીકે કામ કરવા લાગી.



પ્રકરણ 2



સેનોર નોબેલ એવી વ્યક્તિ ન હતી જેને તમે હસમુખ કહી શકો, પણ એ હંમેશા વ્યસ્ત દેખાતા હતા. બગીચાના છેડે એની પ્રયોગશાળા હતી જ્યાં એ મોટા ભાગનો સમય એની બોટલો અને ફ્લાસ્ક થી ઘેરાયેલા રહેતા હતા.

મારે માટે એ એક રહસ્ય હતું કે એ ખરેખર શું કરતા હતા, પણ મારા નાના ભાઈ એમિલિયો ના મતે એ એક દુષ્ટ જાદુગર હતા.

મોટા લોકોમાં ઘણીવાર એ ગપસપ ચાલતી કે એ દુનિયાના સૌથી અમીર વ્યક્તિમાંથી એક હતા.

જોકે હું ખુશ હતી. મને લાગતું હતું કે મારી પાસે સાન રેમોમાં, સૌથી સારી નોકરાણીની નોકરી હતી.

"કાલે અમે બધા પીકનીક માટે પહાડોમાં ગયા હતા. કારણકે કાલે મારા નાના ભાઈ એમિલિયો નો જન્મદિવસ હતો. એ મારો માનીતો ભાઈ છે - નાનો એમિલિયો. શું તમારા કોઈ ભાઈ કે બહેન છે, સેનોર?"

પણ જયારે મેં સેનોર નોબેલનો ચહેરો અચાનક ગુસ્સાથી લાલ થતો જોયો, તો હું ત્યાંથી સરકી ગઈ.



ત્યાં એક ભયાનક દિવસ આવ્યો. "આજ સવારે તું બહુ સ્મિત કરી રહી છે, મારિયા," સેનોર નોબેલે કહ્યું.

"કાલે અમારા બધા માટે એક ઉજાણી હતી," મેં જવાબ આપ્યો.

"બંધ કર! બંધ કર! મારા જ ઘરમાં તું મારો ઉપહાસ કરીશ?" એણે બૂમ પાડી.

એણે ઝડપથી દરવાજો ખોલ્યો. "બહાર નીકળ!" એણે ચીસ પાડી. "અને ક્યારેય પાછી નહીં આવતી!"

એને ફરી મને કંઈ કહેવાની જરૂર જ ન પડી. હું આગળના દરવાજેથી બહાર નીકળી અને સીધી રસ્તા પર ભાગી.

જયારે મેં માઁ ને બધી વાત જણાવી તો એનાથી મને કોઈ સહાનુભૂતિ ન મળી. "તારું મોઢું તારા મગજ થી વધારે મોટું છે, મૂરખ બાળકી!" એણે ઝાટકણી કાઢી.

મારા પિતા પણ બહુ ગુસ્સે થયા, ખાસ કરીને જયારે એને ખબર પડી કે હું મારુ વેતન લીધા વગર જ સેનોર નોબેલ ને ત્યાંથી ભાગી આવી હતી.





"તું કાલે સીધી એના ઘરે જજે અને એની પાસેથી તારા પૈસા માંગજે, સમજી?"

"હા, પાપા."

એ રાતે હું સૂઈ ન શકી. હું સેનોર નોબેલ પાસે પાછા જતા ડરતી હતી અને ચિંતિત હતી.


પણ મને એ સાવ સમજાયું નહીં કે એ સજા પામવા માટે મેં કઈ ભૂલ કરી હતી.

મને બસ એટલી ખબર હતી કે સેનોર નોબેલ એક દુઃખી અને પરેશાન માણસ હતા.

પ્રકરણ 3

હું ગડગડાટનો અવાજ સાંભળીને જાગી. એવું લાગી રહ્યું હતું કે આખું ઘર હલી રહ્યું છે.એ આંધી હતી કે કોઈ ભૂકંપ? હું બારી તરફ ભાગી. સવારનું આકાશ સાવ સાફ હતું. કોઈ તોફાન કે ભૂકંપ ન હતા.

પણ સમુદ્રની સામે આવેલા મોટા આલીશાન બંગલામાંથી ધુમાડાની એક પાતળી લકીર આકાશ તરફ ઉઠી રહી હતી.



મેં તરત ફ્રોક પહેર્યું અને ઉઘાડા પગે, સમુદ્ર પટ પાસે સ્થિત સેનોર નોબેલના બંગલા તરફ દોડી.

આટલી વહેલી સવારે પણ ત્યાં ઉત્સાહિત લોકોની ભીડ જમા હતી. અમે જોઈ શકતા હતા કે એ ધુમાડો મકાનમાં થી નહીં, પણ બગીચામાં આવેલી સેનોર નોબેલની પ્રયોગશાળામાંથી આવી રહ્યો હતો.

સેનોર નોબેલની નોકરાણી સામેના દરવાજામાં થી બહાર ભાગી. એ એનો સામાન લઈને ભાગી રહી હતી.

"એ પાગલ છે," એના માથા પર આંગળીનો ઈશારો કરતા એણે ચીસ પાડી. "એ એક પાગલ વિદેશી છે! એ આપણે બધાને ઉડાવી દેશે! હું અહીં હવે એક મિનિટ પણ કામ નહીં કરું!"



થોડા લોકોએ એને સામાન ઉપાડવામાં મદદ કરી.

બાકી ભીડમાંના લોકો એક-બીજા સાથે ઉત્સાહથી વાતો કરતા અહીં-તહીં જવા લાગ્યા.

"એના મગજનું સ્ક્રૂ ઢીલું છે," એમણે કહ્યું.

"એને જેલ ભેગો કરવો જોઈએ."

મેં પડદા પાછળ સેનોર નોબેલનો ચિંતિત ચહેરો જોયો.

જયારે હું ઘરે પાછી ફરી, તો મારી માઁ નો અવાજ દ્રઢ હતો. "મારી વાતને ધ્યાનથી સંભાળ, તું ક્યારેય એ માણસના ઘરે પાછી નહીં જતી! તું તારી મજૂરી લેવા પણ ત્યાં નહીં જાય!"

હું પાણીના કિનારે બેસી ગઈ અને એક છડીની મદદ થી રેતીમાં ચિત્ર બનાવતી રહી. મારો નાનો ભાઈ એમિલિયો પાણીમાં એક લાકડા સાથે રમી રહ્યો હતો. એ લાકડાને તરાવવાની કોશિશ કરી રહ્યો હતો.



"મારિયા?" મારી પાછળથી એક જાણીતો અવાજ આવ્યો.

હું પાછી ફરી.

"સેનોર નોબેલ!"

"તારું વેતન." એણે મને એક પરબિડીયું આપ્યું.


મેં એ લીધું અને એનો આભાર માન્યો. પણ અજબ વાત એ હતી કે, હવે એ જરાય બિહામણા લાગી રહ્યા ન હતા. હકીકતમાં એ બહુ ઉદાસ લાગી રહ્યા હતા.

"શું તમારી પ્રયોગશાળામાં જે ધમાકો થયો એમાં બહુ નુકસાન થયું?" મેં પૂછ્યું.

એને મારી વાત સાંભળવામાં થોડો સમય લાગ્યો કારણકે એ એમિલિયોને જોઈ રહ્યા હતા.

"ના...કંઈ ખાસ નહીં. એવું ક્યારેક જ થાય છે..." એ અટક્યા. "મારિયા, શું તું પાછી આવીને મારુ કામ કરીશ?"

એણે મને એ પૂછ્યું! એક દિવસ પહેલા એ મારી ઉપર કેમ ગુસ્સે થયા હતા એનો કોઈ અણસાર ન હતો.



"મારા માતા-પિતા હવે મને તમારે ત્યાં કામ કરવા નહીં દે," મેં કહ્યું.

"જો હું તારું મહેનતાણું બમણું કરું તો?"

મેં થૂંક ગળા નીચે ઉતાર્યું.

"પાપા કહે છે કે તમે એક દુષ્ટ અને પાગલ માણસ છો!" એક નાના અવાજે મારી બાજુમાંથી ચીસ પાડી. "એ કહે છે કે તમને જેલમાં નાખી દેવા જોઈએ!"


હું સેનોર નોબેલ સાથે વાત કરવામાં એટલી વ્યસ્ત હતી કે મેં એમિલીઓને પાસે આવતા ન જોયો.

"એમિલિયો!" એનો કાન ખેંચવા મેં મારો હાથ લંબાવ્યો. એમિલિયો નીચે નમ્યો, પણ હું એનું ખમીસ પકડવામાં સફળ થઈ અને એને ઘસડીને ઘરે લઈ જવા લાગી.

"અચ્છા, તો આ એમિલિયો છે?" સેનોર નોબેલે પૂછ્યું.

મેં માથું હલાવ્યું, એ યાદ કરતા કે ગઈકાલે મેં કરેલા એમિલીઓના ઉલ્લેખથી સેનોર નોબેલનો ગુસ્સો ભડકી ઉઠયો હતો.

સેનોર નોબેલે નિસાસો નાખ્યો. "એનું ધ્યાન રાખજે," એણે બૂમ પાડી.



પ્રકરણ 4

"તને બમણો પગાર મળશે?" મારા પિતાનો ચહેરો ગુસ્સાથી લાલ થઈ ગયો. "હું તને ત્યાં પાછી ક્યારેય જવા દઈશ નહીં, ભલે એ તને દુનિયાનું બધું સોનુ કેમ ન આપે. જો, એના ઘરની નોકરાણી પણ કામ છોડીને ભાગી ગઈ છે."

મારી માઁ એ એની આંખોમાં જોતા કહ્યું, "અલબત્ત, મારિયાએ કામ પર પાછા જવું જ જોઈએ! આપણે એટલા પૈસા છોડી ન શકીયે."

"તો તું મારી દીકરીને એ પાગલ વિદેશીને ત્યાં કામ કરવા મોકલીશ?"

મેં એક થી બીજાની સામે જોયું. એ મારા વિષે એવી રીતે વાત કરી રહ્યા હતા જાણે હું ત્યાં હતીજ નહીં!

"શું તમારી પાસે કામ માટે બીજું કોઈ સૂચન છે જેનાથી આપણને જીવવા માટે પર્યાપ્ત પૈસા મળી શકે?" મારા પિતા બહાર ચાલ્યા ગયા.

ત્યારે મારી માઁ એ એનું મોઢું મારા તરફ ફેરવ્યું, અને કહ્યું, "જે કોઈ પણ બમણો પગાર આપવા તૈયાર હોય, એ એટલો ખરાબ ન હોઈ શકે," એણે કહ્યું. માઁ ની આંખોમાં એક ચમક હતી.



"શું તમને ખબર છે કે એ એની પ્રયોગશાળામાં શું કરે છે? એ એવી વસ્તુઓ સાથે પ્રયોગ કરે છે જે વીસ્ફોટ કરે છે!" મેં કહ્યું.

"તો તું એની પ્રયોગશાળામાં ભૂલથી પણ જતી નહીં, મારિયા," મારી માઁ એ મને સારી સલાહ આપી.



હું બીજે દિવસે સેનોર નોબેલના ઘરે જવા નીકળી. મારું દિલ એક પક્ષીના દિલની જેમ તેજીથી ધડકી રહ્યું હતું. હું સેનોર નોબેલના વિસ્ફોટક પ્રયોગો થી ડરતી ન હતી, પણ એના સ્વભાવનો મને બહુ ડર લાગતો હતો.

હું ઉત્સાહિત પણ હતી, કારણકે મને સેનોર નોબેલ નું ચરિત્ર બહુ ઊંડું અને રહસ્યમય લાગી રહ્યું હતું. હું એના વિષે વધારે જાણવા ચાહતી હતી.

પ્રકરણ 5

પહેલા દિવસે મેં પહેલા સફાઈ, પોલિશિંગ, ડસ્ટીંગ, પોછો લગાવવો બધું બહુ મન લગાવીને કર્યું. મેં એ પણ સુનિશ્ચિત કર્યું કે હું "પાગલ વૈજ્ઞાનિક" ના રસ્તાથી દૂર જ રહીશ.

અને એવી રીતે ઘણા દિવસો અને અઠવાડિયા વીતી ગયા. ત્યાં મારુ કામ બહુ એકલાપણાનું હતું, કારણકે સેનોર નોબેલ સાવ એકલા રહેતા હતા. બંગલામાં બીજો કોઈ નોકર ન હતો. ક્યારેય કોઈ મહેમાન પણ ત્યાં આવતા ન હતા.





રોજ સવારે હું બગીચામાં થઈને એની પ્રયોગશાળામાં કોફીની એક કીટલી લઈને જતી હતી.

ક્યારેક-ક્યારેક હું અંદર ડોકિયા કરતી તો મને બોટલો અને ફ્લાસ્કની કતાર દેખાતી હતી. પણ હું પ્રયોગશાળાની અંદર ક્યારેય ન ગઈ. સેનોર નોબેલ નું રહસ્ય જે કંઈ પણ હોય, મને એટલો વિશ્વાસ હતો કે એનો ઉત્તર મને એની પ્રયોગશાળામાં નહીં મળે.

સેનોર નોબેલે એનો પિત્તો પછી ક્યારેય ખોયો નહીં, અને એ ઘણી વાર એમિલિયો વિષે પૂછતાં રહેતા હતા. પણ મને ધીરે-ધીરે એવું લાગવા લાગ્યું કે મારો નાનો ભાઈ સેનોર નોબેલના રહસ્યની ચાવી હતો.

હવે મારા ગામમાં, હું એક નાયિકા બની ગઈ હતી: "જુઓ, મારિયા જઈ રહી છે," લોકો આપસમાં ગુસપુસ કરતા હતા. "એ છોકરી પેલા પાગલ નોબેલ માટે કામ કરે છે!"

એક દિવસ, જયારે હું સેનોર નોબેલ ના કાર્યાલયમાં ધૂળ ઝાપટી રહી હતી, મેં જોયું કે એના ટેબલનું ઉપરનું ખાનું ખુલ્લું હતું.

ખાનામાં એક બહુ જૂનો ફોટો હતો - જેમાં એક મોટા સફેદ ઘરની સામે બે લોકો ઉભા હતા. સૂટમાં એક યુવક હતો - સેનોર નોબેલ, જેને હું ઓળખી શકતી હતી.

ફોટામાં બીજી વ્યક્તિ લગભગ મારી ઉમરનો છોકરો હતો. એ શ્યામ હતો, સ્મિત કરી રહ્યો હતો અને જોવામાં બહુ નમણો હતો.

મેં નજીકથી જોવા માટે ફોટો ઉઠાવ્યો.

ત્યાં અચાનક, મને પાછળના દરવાજાનો ખૂલવાનો અવાજ આવ્યો. જલ્દીથી, મેં ફોટાને પાછો ખાનામાં મૂકવાની કોશિશ કરી, પણ હું ગભરાઈ ગઈ અને ફોટો મારી કંપતી આંગળીઓમાંથી સરકીને ભોંય પર પડી ગયો.

જલ્દીથી એને ઉઠાવવા હું નીચે ઝૂકી, પણ મને મારી ઉપર એક મોટા પડછાયાનો એહસાસ થયો. મેં ઉપર જોયું. "મને માફ કરો, સેનોર નોબેલ," મેં ગણગણાટ કર્યો.

"ખાનું ખુલ્લું હતું..."



એણે કંઈ કહ્યા વગર મારી પાસેથી ફોટો લઈ લીધો. હું રાહ જોઈ રહી હતી કે એ મને ખીજાશે અને મને બહાર નીકળી જવાનું કહેશે.


પણ એણે એવું કંઈ ન કર્યું.

એ બસ ફોટાને ઘણીવાર સુધી જોતાં રહ્યાં અને ત્યાં સુધીમાં મને ખબર પડી ગઈ કે એને જે પણ ગુસ્સો આવ્યો હતો એ હવે ઓગળી ગયો હતો.

ગુસ્સે થવાને બદલે એણે ઉદાસ આંખોથી મારી તરફ જોયું. "હું તને એક વાર્તા કહું છું, મારિયા," એણે કહ્યું.



પ્રકરણ 6



"તું અત્યાર સુધીમાં મારા પ્રયોગોની પ્રકૃતિ વિષે જાણી ગઈ હોઈશ," સેનોર નોબેલે કહ્યું. મેં મારું માથું હલાવ્યું.

"વિસ્ફોટકો બનાવવા મારા પિતાનો પણ વ્યવસાય હતો. પિતાજી અને મારા નાના ભાઈ સાથે, મેં મારા દેશ સ્વીડનમાં, સ્ટોકહોલ્મ પાસે એક નાનું કારખાનું સ્થાપિત કર્યું હતું."


મેં ફરી માથું હલાવ્યું.

"એક વરસ સુધી બધું બરાબર ચાલ્યું અને અમે નાઇટ્રોગ્લિસરિન વેચ્યું..."

મેં કદાચ મારા ભવા ચઢાવ્યા હશે.

"...એ તૈલીય પદાર્થ અત્યંત વિસ્ફોટક હોય છે. અમે એને ખાણકામ માટે વેંચતા હતા. ત્યાં એક સપ્ટેમ્બરના દિવસે, બહુ ગડબડ થઈ. એક બહુ મોટો, હિસંક વીસ્ફોટ થયો..."

"જેમ ગયે અઠવાડીએ તમારી પ્રયોગશાળામાં થયો હતો?" મેં પૂછ્યું.



સેનોર નોબેલે એનું માથું હલાવ્યું. "એ વિસ્ફોટે અમારી આખી ફેક્ટરીને હલાવી નાખી અને સાથે આસ-પાસ ના ઘરોને પણ હલાવ્યા."

હું સહમી ગઈ.

"એમાં પાંચ લોકો માર્યા ગયા. એમાંથી ચાર કારખાનાના કર્મચારી હતા..." સેનોર નોબેલ રોકાયા.

"અને પાંચમો?" મેં પૂછ્યું.

"એ મારો નાનો ભાઈ, એમિલ હતો."

મારે પછી વધારે કંઈ બોલવાની જરૂર ન પડી. હું સમજી ગઈ કે ફોટામાં દેખાતો નાનો છોકરો સેનોર નોબેલનો નાનો ભાઈ એમિલ જ હતો.

હું એ પણ સમજી ગઈ કે જયારે મેં એને પૂછ્યું હતું કે શું એના કોઈ ભાઈ-બહેન હતા, તો એ એટલા અસ્વસ્થ કેમ થઈ ગયા હતા. અને હવે એ મારા નાના ભાઈ એમિલિયોમાં આટલો રસ કેમ લેતા હતા. હવે મને સેનોર નોબેલ નું રહસ્ય સમજાઈ ગયું હતું.



"એમિલ મારો મનપસંદ ભાઈ હતો," સેનોર નોબેલ ચુપચાપ એની વાત કરતા રહ્યા. એ હજી પણ ફોટાને નીરખી રહ્યા હતા.


"મને બહુ અફસોસ છે," મેં કહ્યું.

સેનોર નોબેલે ટેબલ પર ફોટો મૂકી દીધો.

"એ પછી શહેરમાં ધાંધલ મચી ગઈ હતી. દરેક વખતે હું જ્યારે બહાર જતો તો લોકો મારી સાથે ધક્કા-મુક્કી કરતા, લોકો મારી ઉપર થૂંકતા અને મને 'હત્યારો!' કહીને બોલાવતા હતા.

લોકો કારખાનાની બહાર મોર્ચા કાઢવા લાગ્યા અને માંગ કરવા લાગ્યા કે નગર-પરિષદ અમારા કારખાનાને બંધ કરે. અને એમણે એ જ કર્યું. હવે અમારી પાસે જવા માટે કોઈ જગ્યા ન હતી. અંતે અમારે મલાર તળાવ પર એક જૂની બાર્જ (સપાટ તળિયાવાળી માલવાહક નૌકા) પર અમારું નવું કારખાનું ખોલવું પડયું.

એ દિવસ પછી મેં પૂરી દ્રઢતાથી કામ કરવાનું શરુ કર્યું. કારણકે જ્યારે તમે કામમાં વ્યસ્ત થઈ જાઓ છો તો તમારું દુઃખ ભૂલવું સરળ થઈ જાય છે."



"અમે હજી પણ વિસ્ફોટક બનાવીયે છીએ," સેનોર નોબેલે માથું હલાવ્યું. "પણ સુરક્ષિત વિસ્ફોટક. મેં શોધ કરીને નાઇટ્રોગ્લિસરિનને છિદ્રવાળી માટી સાથે ભેળવ્યું, અને એનાથી વિસ્ફોટકને નિયંત્રિત કરવાનું અને સંભાળવાનું વધારે સુરક્ષિત બન્યું. જો થોડા સમય પહેલા મેં આ શોધ કરી હોત, તો આજે મારો ભાઈ જીવિત હોત ..."

સેનોર નોબેલે એની વાત પૂરી કરી. એણે ખભા ઉલાળ્યા અને દરવાજા તરફ ચાલ્યા ગયા.

"મને ખબર નથી કે હું તને આ બધી વાતોથી કેમ પરેશાન કરું છું ... એક વૃદ્ધ માણસની દુઃખી વાર્તાથી," એણે કહ્યું.

મેં ધીરેથી સ્મિત કર્યું, પણ મેં એને કંઈ કહ્યું નહીં.

જોકે મને એના સવાલ ના જવાબની ખબર હતી: એની પાસે એનું દુઃખ-દર્દ કહેવા માટે બીજું કોઈ ન હતું.



પ્રકરણ 7

એ પછી, સેનોર નોબેલ અને હું ઘણીવાર વાતો કરતા હતા. હું એને સ્થાનીય સમાચાર સંભળાવતી હતી. એક દિવસ મેં એને એન્ઝો વિષે પણ જણાવ્યું, જે મારો બોયફ્રેન્ડ હતો. એ રોજ મને બંગલાથી ઘર સુધી મારું કામ પૂરું થયા પછી મને મૂકવા આવતો હતો.



સેનોર નોબેલે મને તેલની હેરાફેરીના વ્યવસાય વિષે જણાવ્યું જે એ એના મોટા ભાઈઓ સાથે ચલાવતા હતા. એક સમય હતો જયારે એની પાસે તેંત્રીસ તેલ ના ટેન્કર હતા, જેમાંથી થોડા નું વજન પાંચ હજાર ટન હતું! જયારે આ વાત મેં ઘરે કરી તો પાપા પણ પ્રભાવિત થઈ ગયા.

એક વાત હતી જેના પર સેનોર નોબેલ વારે-વારે પાછા આવતા હતા - ડાઇનામાઇટ.

એક દિવસ એણે કહ્યું, " ક્યારેક મને થાય છે કે મેં આ ભયાનક વસ્તુની શોધ કરી જ ન હોત તો કેટલું સારું થાત."

"પણ ડાઇનામાઇટ બહુ ઉપયોગી પણ છે, સેનોર! જુઓ કેવી રીતે એન્જીનીર વિસ્ફોટ કરીને આલ્પ્સ પર્વતની વચ્ચેથી રેલવે લાઈન બનાવી શક્યા છે! ડાઇનામાઇટ વગર એ એવું ક્યારેય કરી ન શકત."

સેનોર નોબેલે ધીરેથી માથું હલાવ્યું.

"કદાચ. પણ એને યુદ્ધમાં એક ભયાનક હથિયાર તરીકે પણ વાપરી શકાય છે."

"ઠીક છે, પણ હવે તમે એ આવિષ્કારને રદ્દ પણ કરી નહીં શકો, સેનોર," મેં ખભા ઉલાળ્યા.

"જયારે હું દુનિયામાંથી ચાલ્યો જઈશ, તો લોકો મને એક એવા માણસ તરીકે યાદ કરશે જેણે બોમ્બ બનાવ્યો હતો. એ અત્યારે પણ મને "બોમ્બ નિર્માતા" તરીકે બોલાવે છે."

"એ તમને દુનિયાના સૌથી અમીર વ્યક્તિઓમાંથી એક પણ બોલાવે છે," મેં જવાબ આપ્યો. એક પળ માટે મને લાગ્યું કે એ મને ફરી ખીજાશે.



પણ એણે ફક્ત ધીરેથી એનું માથું હલાવ્યું.

"મારો કહેવાનો અર્થ છે," મેં આગળ કહ્યું, "તમે ઈચ્છો તો ભવિષ્ય માટે કંઈક સારું છોડી શકો છો ..."

પછી એક પણ શબ્દ કહ્યા વગર, સેનોર નોબેલ રૂમની બહાર નીકળ્યા અને એના અધ્યયન કક્ષમાં ચાલ્યા ગયા.



અને હું મારું કામ કરવા લાગી. સેનોર નોબેલે
પછી ક્યારેય મારી સાથે ડાઇનામાઇટ વિષે વાત ન કરી.

પ્રકરણ 8


મેં બીજા બે શિયાળા સેનોર નોબેલ માટે કામ કર્યું. પછી મેં એન્ઝો સાથે લગ્ન કર્યા અને અમે સાન રેમોથી દૂર તટને કિનારે વધુ નીચે બીજા ગામમાં રહેવા ચાલ્યા ગયા.



થોડા વર્ષો પછી મેં વર્તમાનપત્રમાં મુખ્ય સમાચાર વાંચ્યા: "સાન રેમોમાં સેનોર આલ્ફ્રેડ નોબેલનું મૃત્યુ." મને એ દિવસ બહુ સારી રીતે યાદ છે કારણકે એ જ દિવસે મારા બીજા દીકરાનો જન્મ થયો હતો.

પછી, જયારે મેં વિજ્ઞાન અને ચિકિત્સા, સાહિત્ય અને શાંતિ માટે નોબેલ પુરસ્કારો વિષે સાંભળ્યું, તો મને સેનોર નોબેલને કહેલા મારા શબ્દો યાદ આવ્યા - "તમે ચાહો તો ભવિષ્ય માટે કંઇક સારું છોડી શકો છો..."





મેં મારા બંને બાળકોને પાણીના કિનારે દોડતા જોયા.

મને ખુશી હતી કે અમે અમારા મોટા દિકરાનું નામ એમિલિયો રાખ્યું હતું. પણ મને વધારે ખુશી થઈ કારણકે અમે અમારા નાના દીકરાનું નામ આલ્ફ્રેડો રાખ્યું હતું.

સમયરેખા

આલ્ફ્રેડ નોબેલ નો જન્મ 21 ઓક્ટોબર 1833 માં સ્વીડનના સ્ટોકહોલ્મમાં થયો હતો.

1842 નોબેલ પરિવાર રશિયાના સેન્ટ પિટર્સબર્ગ ચાલ્યો ગયો.

1850 નોબેલે રશિયા છોડી દીધું, એ પાંચ ભાષાઓ અસ્ખલિતપણે બોલી શકતા હતા. એણે અમેરિકામાં ચાર વર્ષ કામ કર્યું.

1863 નોબેલ અને એના પિતાએ એની પહેલી નાઇટ્રોગ્લિસરીન ફેક્ટરી ખોલી.

1864 આલ્ફ્રેડનો ભાઈ, એમિલ, નોબેલની નાઇટ્રોગ્લિસરીન ફેક્ટરીમાં માર્યો ગયો. આલ્ફ્રેડે નાઇટ્રોગ્લિસરીન સુરક્ષિત બનાવવા માટેના પ્રયાસો માટે પ્રયોગો કર્યા.

1867 નોબેલને બ્રિટનમાં ડાયનામાઈટનું પેટન્ટ (એકાધિકાર) આપવામાં આવ્યું. પેટન્ટનો અર્થ હતો કે કોઈ પણ એના શોધની ચોરી ન કરી શકે.



1876 નોબેલે એક શક્તિશાળી પ્રકારના ડાયનામાઈટ - બ્લાસ્ટિંગ જીલેટીન - નું પેટન્ટ કર્યું.

1891 નોબેલે ઇટાલીમાં રહેવા માટે ફ્રાન્સ છોડી દીધું. એ થોડા સમય માટે સાન રેમોમાં રહ્યા.

1901 નોબેલના મૃત્યુના પાંચ વર્ષ પછી, ભૌતિકશાસ્ત્ર, રસાયણ વિજ્ઞાન, શરીર વિજ્ઞાન અને ચિકિત્સા, સાહિત્ય અને શાંતિ માટે પહેલા નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યા .

10 ડિસેમ્બર 1896 માં ઇટાલીના સાન રેમોમાં આલ્ફ્રેડ નોબેલનું નિધન થઈ ગયું. એ 63 વર્ષના હતા.